સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

પી લે અન્યાયનું ઝેર, પિડીતા ફસડાઇ જાય છે,
ગુંડા, ક્યારેક દબાણે પોલીસ મચડાઇ જાય છે,
ઢસડાઇ જાય છે જિંદગી તપાસના ચકરાવે -
વૈભવી કારની નીચે ગરીબી કચડાઇ જાય છે
(કાયદો-ન્યાય-સુરક્ષા નિષ્ક્રીય)

હાઈકુ

એના કરતાં -
- બનાવી દ્યોને માત્ર,
ફ્લેગ સ્ટેશન!!
(નગરનું રેલ્વે સ્ટેશન)

'પવન' ફુંકે -
- ભાડું વધાર્યા વિના,
સફર મોંઘી..
(બંસલની જાદુઇ ફૂંક)

ચિંતન

કવચિદ્ભૂમૌ શાયી કવચિદપિ ચ પર્યંકશયનઃ કવચિચ્છાકાહારઃ કવચિદપિ ચ શાલ્યો દનરૂચિઃ ।
કવચિત્કંથાધારી કવચિદપિ ચ દિવ્યામ્બરધરો મનસ્વી કાર્યાર્થી ન ગણયતિ દુખં ન ચ સુખમ્ ॥

ભર્તૃહરિના નીતિશતકના આ શ્લોક ધીરપુરૂષ-ના મક્કમ નિર્ધારથી કરેલા 'સંકલ્પ'નું મહત્ત્વ સમજાવે છે :

'ક્યારેક જમીન પર સૂવે છે, તો વળી ક્યારેક પલંગ પર સૂવે છે, ક્યારે શાકનો આહાર કરે છે અર્થાત માત્ર કંદમૂળથી ચલાવી લે છે તો ક્યારેક સુંદર મજાના ભાત પકવાનમાં રૂચિ રાખે છે ક્યારેક કંથા ભગવાં કે ગોદડી ધારણ કરે છે તો ક્યારેક ભવ્ય દિવ્ય પોષાક ધારણ કરે છે. આમ જેને પોતાનું ધ્યેય લક્ષ્ય-હેતુ નિશ્ચિત કરેલું જ છે, એવો સફળતાનો અભિલાષી, ધીરજવાન પુરૂષ, સુખ કે દુઃખ અર્થાત્ કોઇ પણ સમ-વિષમ પરિસ્થિતિને ગણકાર્યા વિના નિશ્ચિત સંકલ્પ-પ્રતિજ્ઞાથી ડગ્યા વિના સફળતા સુધી મચી જ પડે છે.'

મનસ્વી અને કોઇ પણ ધ્યેય-સંકલ્પમાં સફળતા મેળવવાની ઇચ્છાવાળા યુવાને પોતાના માર્ગમાં ગમે તેવી સુખદાયક કે ત્રાસદાયક પરિસ્થિતિઓ ઉભી થાય તો પણ મનથી મક્કમ કરેલ ધ્યેય માટે છૂટછાટ મૂકવી નહીં. ધ્યેય નિષ્ઠ થઇ એ જ દિશામાં આગળ વધવા પ્રયત્નશીલ રહેવું.

અહીં સારી અને વિકટ પરિસ્થિતિના દષ્ટાંત આપી આ વાતને અનુમોદન આપ્યું છે.

સુવિચાર

- આપણો ધર્મ આપણા હૃદયમાં જીવતો રહેવો જોઇએ - **ડૉ. રાધાકૃષ્ણન્**
- પરમેશ્વરની અર્ચના-પ્રાર્થનાની રીતો અલગ અલગ છે તેથી ધર્મો પણ જુદા જુદા થયા છે - **શ્રી માતાજી**
- જગતનો કોઇ પણ ધર્મ મનુષ્ય-મનુષ્ય વચ્ચે વૈમનસ્યની વાત કરતો નથી, એક ધર્મ બીજા ધર્મ જેટલો જ સત્ય છે - **રોબર્ટ બર્ટન**
- જેમાં ધાર્મિકતા નથી, એમાં માનવતા પણ નથી જ - **શેખ સાદી**
- ધર્મનું નિવાસસ્થાન હૃદય છે, પેટ નહીં - **વીર સાવરકર**
- ધર્મની શરૂઆત કાલથી કરશો તો ચાલશે પણ અધર્મનો આજે જ ત્યાગ કરી દો - **મુફ્તી મહંમદ**
- મહાપુરૂષો જે માર્ગ પર ચાલ્યા છે અને જેનું અનુસરણ કર્યું છે એ જ ધર્મ છે - **વેદવ્યાસ**

બોધ કથા

આજકાલ ગાડીની જાહેરખબર હોય કે કોઇપણ સ્ત્રીને સુસંગત ન હોય તેમ છતાં અમર્યાદિત વસ્ત્રો સાથે 'સ્ત્રી'પાત્ર હોય છે. મહિલા કલ્યાણ મંડળોને આમાં ક્યાંક કંઇ જ વાંધાજનક નહીં દેખાયું હોય? આખરે આપણી સંસ્કૃતિની સાચવણ આપણા હાથમાં જ છે. સ્વતંત્રતા અને સ્વચ્છંતા, મુક્તિ અને મર્યાદા, વિકાર અને વિકૃતિ સંસ્કાર અને સંસ્કૃતિની દિવાલો દિવસો દિવસ પારદર્શક થતી જાય છે.

કે. લાલ એટલે કે જાદુગર કાન્તિલાલ ગુજરાતના જૈન પરિવારના સંસ્કારી, ધાર્મિક અને મુઠ્ઠી ઉંચેરા માનવી હતા. દેશવિદેશમાં 'જાદુ'ના કાર્યક્રમ કરી વિશ્વભરમાં ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. ભારતીય સંસ્કૃતિની મર્યાદાઓ સાચવી હતી.

એકવાર કોઇ જાપાનીઝ એજન્સીએ જાપાનમાં કાર્યક્રમો કરવાનું આયોજન કર્યું, જાદુના કાર્યક્રમો જોયા સાથે જુનીયર આર્ટીસ્ટ તરીકે મહિલાઓ કામ કરતી હતી તેમનો પહેરવેશ સંપૂર્ણ મર્યાદા સચવાઇ રહે એવો હતો તેથી વ્યાપારી ધોરણે કાર્યક્રમ ગોઠવનાર આયોજકોએ કે.લાલને કહ્યું, તમારી આ જુનીયર આર્ટીસ્ટ સ્ત્રીઓને 'ટૂંકા કપડાં'માં રજૂ કરજો.

કે.લાલે ભવાં ખેંચી કહ્યું, 'એ નહીં બને - વર્ષોથી અનેક દેશમાં મેં આ રીતે જ કાર્યક્રમ કર્યા છે આમાં મહત્ત્વ 'જાદુ'નું છે. સ્ત્રી પાત્રનું નથી. આમ છતાં પ્રેક્ષક શો પછી જો દર્શકોમાં કાર્યક્રમ માત્ર આ કારણસર ન ચાલે તો હું પૈસા લીધા વિના પાછો જઇશ..'

અને પછી માત્ર એક મહિનાના કરારથી ગયેલા કે. લાલે છ માસ સુધી જાપાનના અનેક શહેરમાં સફળ કાર્યક્રમ આપ્યાં.

સંસ્કૃતિ સાચવવી આપણા હાથમાં જ છે.

દશ દિવસમાં જ માઇક જોઇ શક્યો કે એનું ઘર સાચે જ નરકમાંથી સ્વર્ગમાં ફેરવાઇ ગયું હતું, આ પરિવર્તનથી માઇક અને મીના હરખાઇ ઊઠ્યાં

માઇક ઘરના રોજેરોજ કકળાટથી ત્રાસી ગયો હતો. કેટલાક દિવસથી શું કરવું એના વિચારોમાં ડૂબ્યા રહેતો. એવામાં એક લેખ એનાં વાંચવામાં આવ્યો. એ વાંચી તેણે આદર પૂર્વક એના પિતા સમક્ષ હૈયું ખોલ્યું, "ડેડ, તમારા નિવૃત્ત જીવનમાં કુટુંબ સાથે વાદવિવાદમાં ઊતર્યા વિના આનંદથી શાંતિપૂર્વક જીવો તો નરક બનતા જતા આ ઘરને સ્વર્ગમાં ફેરવી શકશો."

"તારી વહુનું વર્તન બદલવા આ સલાહ તારી મીનાને આપતો હોય તો?"

"એ અણસમજુને કંઇ કહેવાનો શો અર્થ? ઘરના વડીલ જ નરકને સ્વર્ગમાં કે સ્વર્ગને નરકમાં ફેરવી શકે! એ વિશેનો આ એક લેખ જરા વાંચી જજો." કહી મેગેઝિન પિતા રોહન શેઠને આપી કામ પણ ચાલ્યો ગયો.

રોહન એ લેખ વાંચવા લાગ્યો.

તમે ઘરના વડીલ છો તો ઇશ્વરનો આભાર માનો કે ભગવાને લાંબુ આયુષ્ય બક્ષી કુટુંબના વડીલ બનાવ્યા છે. લાંબુ આયુષ્ય એ પરભવનાં આપણા પુણ્યને કારણે આપણું સદ્‌ભાગ્ય છે! આપણુ કુટુંબના વડીલ હોઇ ઘરને સ્વર્ગ બનાવવું કે નરક બનાવવું એ આપણાં જ હાથમાં છે. આપણું જીવન આદરપાત્ર કે ધિક્કારપાત્ર આપણે જ બનાવી શકીએ. ઘણાં વર્ષોના અનુભવે આપણામાં સારાનરસા પારખવાની સાચી સમજ છે, આપણી પાસે અનુભવોની એક મોટી ખાણ છે. દેશમાં કે પરદેશમાં હોઇએ વાતાવરણને અનુકૂળ થવાની ઊંડી સમજ અને શક્તિ છે. આપણાં જ્ઞાન, અનુભવ, ધર્મ અને આપણી સંસ્કૃતિનું અમૂલ્ય ભાથું લઇને જીવવા આપણે ટેવાયેલા છીએ. દેશમાં હો કે દેશ છોડી નસીબ જોગે પરદેશમાં આવીએ તો એ નવા દેશને આપણી કર્મભૂમિ બનાવીએ. એ નવા દેશને આપણે સાચા અર્થમાં સમજી એના રીતરિવાજો, રહેણીકરણી, આચારવિચાર, ખોરાક-પોષાક, પહેરવેશ બધું જ સમજપૂર્વક અપનાવી એકમેક સાથે દૂધમાં સાકરની જેમ ભળી જવું જોઇએ. રોમમાં રોમન બનીને રહેવું એ કહેવત યાદ રાખીએ. નકારાત્મક વિચારોને ફગાવી, માનસિક વિચારસરણી બદલી, નાનામોટા સૌ સાથે ભળી ઉલ્લાસભર્યું આનંદિત જીવન જીવવાનો જીવનમંત્ર અમલમાં મૂકવાથી કુટુંબ સુખશાંતિ, આનંદ અને પ્રેમભર્યું વાતાવરણ ઊભું કરી શકીશું અને ઘરને એક સ્વર્ગ બનાવી સૌનાં જીવન ધન્ય બનાવી પરસ્પર આદર, પ્રેમ અને આત્મીયતા લાવી શકીશું. જૂનું બધું સારૂં એ દિવસો વાગોળી ઘરમાં વાદવિવાદમાં ઊતરવાની કલહ સર્જવાનો કોઇ અર્થ નથી. જમાનો બદલાઇ ગયો છે. પરિવર્તન એ સૃષ્ટિનો ક્રમ છે. નવા વાતાવરણ, નવા વિચારો, નવી ટેકનિક, અને નવીનતાને હર્ષથી આવકારવાની દૃષ્ટિ કેળવવી જરૂરી છે. જૂના જમાનામાં ટેલિવિઝન, મોબાઇલ ફોન, કમ્પ્યુટર ક્યાં હતાં? એ બધાના આગમને બધામાં માનસિક અને વૈચારિક પરિવર્તન આણ્યું છે. આપણા વિચારો, રહેણીકરણી, જીવનદૃષ્ટિમાં બદલાતા પ્રવાહોમાં આવતાં પરિવર્તનને હર્ષની નમ્ર ભાવે સ્વીકારી, ખરાખોટાના નિરર્થક ખોટા વિવાદોમાં ઊતર્યા વિના સાચી સમજ કેળવી જીવતાં શીખીશું તો સ્વર્ગીય સુખ અનુભવી જીવન માણી શકીશું. હા, આપણાં સંતાનોને એક વડીલ તરીકે સારાખોટાની પરખ કરતાં શાંતિથી સન્માર્ગે દોરવાની ફરજ છે, પણ હઠાગ્રહથી કે ઉશ્કેરાટથી આપણા વિચારો ઠોકી બેસાડવા એ કલહનું મૂળ છે. ખૂબ શાંતિ અને સમજપૂર્વક આપણા જીવનને ઘડી આપણા નાનામોટા સ્વજનો સાથે હળીમળી ઉલ્લાસભર્યું જીવન જિવાય એવો સુમેળ માર્ગ અપનાવી ઘરને અનોખું સ્વર્ગ બનાવવા મથીશું તો આપણા ઘડતરને માન અને પ્રેમથી સૌ જુએ એવું સ્વર્ગીય વાતાવરણ સર્જી ધન્યતા અનુભવીશું.

વડીલો એમના વડીલપણા અને અહમ્ ને બાજુ પર મુકી નાનાં મોટાં સૌ સાથે આચારવિચાર, વર્તન અને વ્યવહારમાં ઘરમાં અને બહાર સમજપૂર્વકનું પરિવર્તન લાવશે તો સ્નેહ, સદ્‌ભાવ, પ્રેમ અને આત્મીયતા મેળવવાના આપોઆપ સદ્‌ભાગી થશે. જેવું વાવશો તેવું લણશો એ ન ભૂલતા. પ્રેમ અને માન આપશો તો એ તમને બમણાં પાછાં મળશે જ એ ઉત્તમ જીવન જીવવાની સાચી ચાવી છે. વાદવિવાદ અને તિરસ્કારભર્યું વાતાવરણ ન સર્જાય એ માટે સદા સજાગ રહેવા અને 'લેટ ગો'ની પોઝીટીવ નીતિ અપનાવવા મનને ઘડવાની જરૂર છે. આપ ભલા તો જગ ભલા. ઉલ્લાસભર્યું જીવન ઘડવા ને જીવન ઉત્તમ વિચારોનું મૂલ્ય સમજવા અને આચરણમાં મૂકવા હર્ષભેર પળેપળ સજાગ રહેવું એ પોતાના અને સૌનાં જીવન સુખી અને આનંદિત બનાવવાની એક જાદુઇ ચાવી છે. હૃદયનાં દ્વાર હમેશા ખુલ્લા રાખી મનને પ્રફુલ્લિત રાખી હર્ષભેર સદા પરસ્પર મદદરૂપ થવા, હાથ લંબાવવા તૈયાર રહેશો તો સુખી થશો, સુખ આપશો અને મેળવશો. જીવન છે એટલે નાના મોટા સવાલો ઊભા થવાના. એ બધા સવાલોનું હાર્દ સમજવા અને પ્રેમપૂર્વક નમ્રતાથી સૌને ગળે ઊતરે એવો હકારાત્મક ઉકેલ લાવવા પ્રયાસ કરીશું તો કલહ કે કંકાસને બદલે ઘરમાં પ્રેમભર્યું વાતાવરણ સર્જી પ્રેમ અને આદર મેળવીશું. ઘર કે સમાજને ભારરૂપ બનવાને બદલે હંમેસ પ્રવૃત્તિશીલ બનીશું તો મન પ્રફુલ્લિત રહેશે અને જીવન ધન્ય બની રહેશે. ધર્મ અને સદ્‌વિચારોથી મનને તૃપ્ત રાખવાથી શરીર અને મનને સુખી બનાવી શકીશું. નવરાશનો સમય કસરત કે યોગ કરવામાં કાઢીશું તો ઉત્તમ શરીરસુખ પામવા માટે જીવન પ્રભુની શ્રેષ્ઠ બક્ષિસ બની રહેશે.

શ્રધ્ધા અને વિશ્વાસ સભર જીવન બનાવી મન અને તન પ્રફુલ્લિત રાખીએ સદા હસતા રહીએ. હસે એનું ઘર વસે. ઘરની શાંતિ મળે સ્વસ્થતા, પ્રસન્નતા, મળતાવડા અને પ્રેમાળ વાતાવરણ સૌને સુખ અને આનંદ આપે છે. સુરુચિપૂર્ણ જીવન જીવો, ઇર્ષા, દ્વેષ, અસંતોષ, તિરસ્કાર, કુટેવોથી હંમેશ દૂર રહેવાની મનની શાંતિ જોખમાતી નથી. કુટુંબીજનોનાં કામમાં હાથ લંબાવી મદદરૂપ થવા હંમેશ પ્રયત્નશીલ રહો. ઉમ્મર વધતાં આપત્તિઓ વધે છે એથી હતાશ કે નિરાશ ન થાઓ. પરિસ્થિતિને સમજી હકારાત્મક વલણ દાખવો. નશાઓનાં કે ખોટી આદતોના ભોગ ન બનો. જીવન છે તો મરણ આવવાનું જ છે. એના વિચારો કરી મનથી ભાંગી ન પડો. મિત્રો બનાવો, ખુલ્લે દિલે પ્રસન્ન મને ચર્ચા કરો. પ્રભુપ્રાર્થના અને ભક્તિમાં મન પરોવી સદ્‌વિચારો અપનાવો. જીવન ઇશ્વરની અમૂલ્ય ભેટ છે એમ વિચારી જીવન સારી રીતે જીવો ને જીવવા દો. કાલ ઉજ્જવળ દિવસ ઊગવાનો છે એમ વિચારી સૌ સાથે પ્રેમથી હળીમળી જીવશો તો તમારૂં જીવન ધન્ય બનશે અને કુટુંબીજનોનાં જીવન ધન્ય બનાવશો. વહુને દીકરી ગણો અને જમાઇને પુત્ર સમાન આત્મીયતા કેળવશો તો આ ધરતી પર એક સ્વર્ગ સર્જવાનો અનેરો આનંદ અનુભવશો. વિશાળ કુટુંબ હોવું એ સદ્‌ભાગ્યની નિશાની છે. જાગ્યા ત્યાંથી સવાર. હવે શેની રાહ જોવાની છે?

સુખને રાહે
- સં-વેદના
- જય ગજ્જર

રોહન શેઠે લેક વાંચી પત્ની સરલાને બોલાવી એને એ વાંચવા આપ્યો. બંનેએ સાથે મળી બેચાર વાર વાંચી એનો સાચો મર્મ સમજવા પ્રયત્ન કર્યો. જીવનમાં સુખી થવાનો અને બીજાને સુખી કરવાનો ઘડપણનો એ અમૂલ્ય માર્ગ સમજાતાં એમને વહુ મીનાને એ લેખ વાંચવા આપ્યો. દરમિયાન પતિ-પત્ની એ લેખની વાસ્તવિકતા રોજિંદા જીવન અને વ્યવહારમાં અમલમાં મૂકવા નિર્ધાર કરી જીવન પરિવર્તિત સાથે જીવવાના અટૂટ નિર્ણય સાથે એને અમલમાં મૂકવાનો આરંભ કર્યો.

દશ દિવસમાં જ માઇક જોઇ શક્યો કે એનું ઘર સાચે જ નકરમાંથી સ્વર્ગમાં ફેરવાઇ ગયું હતું. આ પરિવર્તનથી માઇક અને મીના હરખાઇ ઊઠ્યાં. બંને પોતાની ખુશી વ્યક્ત કરવા બા - બાપુજી પાસે દોડી જઇ પગે લાગી એકસાથે બોલ્યાં, "ડેડી મમ્મી, આખરે તમે ઘડપણનો સાચો મર્મ સમજવા અને અમારા સાચા સહૃદયી વડીલ બની સૌનાં જીવન પ્રસન્નતાથી સાચે જ મઘમઘાવી દીધાં છે. પ્રભુ તમને બંનેને દીર્ઘાયું બક્ષે અને તમારાં પુણ્ય પગલાં અને જાદુઇ મનથી ઉદ્‌ભવેલ સદાચારભર્યા સ્વર્ગીય સુખને માણો અને મણાવતાં રહો એ જ અભિલાષા સેવીએ."

એ પછી એક પ્રસન્ન વાતાવરણના માહોલમાં સુખ અને આનંદથી રોહન શેઠનું ઘર સ્વર્ગીય સુખ અનુભવતું રહ્યું.

'ભારત સ્વાભિમાન પક્ષ'ના સ્થાપક કોણ છે?

વિષય : વર્તમાન પ્રવાહો

(૧) ભારત સરકારે કઇ બાબત સાથે સંબંધિત એવા 'નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ'ની રચના કરી છે?
(અ) દરયાઇ (બ) આરોગ્ય (ક) નાણાં (ડ) પર્યાવરણ

(૨) ઓગણીસમી કોમનવેલ્થ ગેમ્સના થીમ આધારિત હોય તેવા રૂ. પાંચનો સિક્કો આરબીઆઇ બહાર પાડશે, તે કઇ ધાતુનો હશે?
(અ) તાંબુ (બ) જસત (ક) નિકલ (ડ) ત્રણેય ધાતુઓ

(૩) રાષ્ટ્રીય હેરીટેજ પ્રાણી તરીકે પર્યાવરણ મંત્રાલયે કયા પ્રાણીને જાહેર કરેલ છે?
(અ) વાઘ(બ) સિંહ (ક) મોર (ડ) હાથી

(૪) ભારતનો ૪૧ નો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ કયાં શહેરમાં યોજાયો હતો?
(અ) મુંબઇ(બ) ગોવા (ક) પૂના (ડ) દિલ્હી

(૫) ભારતમાં અત્યાર સુધીમાં જિમ્નાસ્ટીકમાં ચંદ્રક મેળવનાર એક માત્ર ભારતીય ખેલાડી કોણ છે?
(અ) પંકજ અડવાણી (બ) અભિનય બિન્દ્રા
(ક) મિલ્ખાસિંઘ (ડ) આશિષકુમાર

(૬) ગુજરાત સરકાર અને કયા દેશના સાસ્કેચવાન વચ્ચે ગેસ-તેલ સંશોધન અંગે આ વર્ષે કરાર થયેલો છે?
(અ) કેનેડા (બ) ચીન (ક) બ્રિટન (ડ) ઇઝરાયેલ

(૭) તાજેતરમાં રાષ્ટ્રીય ક્રેડેટ કોર એન.સી.સી. ના નવા મહાનિર્દેશક તરીકે કોણ નિયુક્ત થયાં છે?
(અ) સિધ્ધરાજ જાડેજા (બ) વજાહત હબીબુલ્લાહ
(ક) પલવિંદરસિંહ ભલ્લા (ડ) ધ કિંગ્સ

(૮) મુકુલ સંગમા એ કયા રાજયનાં મુખ્યમંત્રી છે?
(અ) ગોવા (બ) આસામ (ક) મેઘાલય (ડ) કેરલ

(૯) 'ભારત સ્વાભિમાન પક્ષ'ના સ્થાપક કોણ છે?
(અ) બાબા રામદેવ (બ) અરવિંદ કેજરીવાલ
(ક) અન્ના હજારે (ડ) કિરણ બેદી

(૧૦) બહુ ચર્ચિત ડૉ.કેતન દેસાઇ કયાં વિષયનાં પ્રોફેસર હતા?
(અ) યુરોલોજી (બ) ફાર્માલોજી (ક) કોગનોસી (ડ) એનાટોમી

(૧૧) ખનીજક્ષાર સંપત્તિ પર દેખરેખ શોધ માટે હિન્દ મહાસાગરમાં પહેલી માનવ રહિત સબમરીન કયા દેશે ઉતારી?
(અ) નેપાળ (બ) ભારત (ક) શ્રીલંકા (ડ) બર્મા

(૧૨) અત્યાર સુધીના ઈતિહાસમાં શેરબજારમાં કોનો આઇપીઓ સૌથી મોટો આવ્યો છે?
(અ) કોલે ઇન્ડિયા (બ) રિલાયન્સ પાવર
(ક) અદાણી પાવર (ડ) ટોરેન્ટ પાવર

(૧૩) 'ગિફ્ટ સીટી' માં 'એફ' શું સૂચવે છે?
(અ) ફાઇલન (બ) ફાયનાન્સ (ક) ફિવર (ડ) ફ્રી

(૧૪) કયા રાજયમાં ડાકણપ્રથાને નાબૂદ કરવા માટે વિશેષ કાયદો ઘડવાની માંગ ઊપડી છે?
(અ) આસામ (બ) નાગાલેન્ડ (ક) કેરળ (ડ) ગોવા

(૧૫) 'પોલીટીકસ ઑફ ચરખા' નામના પુસ્તકના લેખક કોણ છે?
(અ) બી.એસ. મિન્હાસ (બ) એસ.એમ.જાની
(ક) જે.બી. કૃપલાણી (ડ) વિજય તરૂણ

● વિવિધા ●

વિષય :- ગુજરાતનાં નગરો - વિશેષ ઓળખ

- દ્વારકા : **કૃષ્ણભૂમિ**
- ભાલકાતીર્થ : **શ્રીકૃષ્ણ નિર્વાણ સ્થળ**
- પોરબંદર : **ગાંધીજીની જન્મભૂમિ**
- ભાવનગર : **ગાંધીજીના કોલેજકાળનું નગર**
- અમદાવાદ : **ગાંધીજીની કર્મભૂમિ**
- કરમસદ : **સરદારની જન્મભૂમિ**
- બારડોલી : **સત્યાગ્રહ ધરતી**
- ગાંધીનગર : **ગુજરાતનું પાટનગર**
- દાંડી : **મીઠાના સત્યાગ્રહનું સ્મારક**
- વડોદરા : **મહેલોનું નગર**
- સુરત : **આર્ટ સિલ્ક નગરી**
- ભૂજ : **આયના મહેલ (કચ્છ કલાની અટારી)**
- જૂનાગઢ : **અશોક શિલાલેખ**
- જામનગર : **કાઠિયાવાડનું રતન**
- પાલનપુર : **સિધ્ધરાજ જયસિંહનું જન્મસ્થળ**
- નડિયાદ : **સાક્ષર ભૂમિ**
- ભરૂચ : **ગોલ્ડન બ્રિજ**
- લૂણેજ : **ગુજરાતનું પ્રથમ તેલક્ષેત્ર**

● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - કેન્દ્ર સરકારના કયા મંત્રી 'હિન્દુ આતંકવાદ'ના મુદ્દે વિવાદોમાં છે?
જવાબ - શ્રી સુશીલકુમાર શિંદે

● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) નટુભાઇ દરજી : પેથાપુર (એસટી એશો. પ્રમુખ)
(૨) ઋજિત રાવલ : સે-૭ડી
(૩) મહેશ એમ. જાદવ : સાદરા ગૂજરાત વિદ્યાપીઠ
(૪) પંકજ પ્રજાપતિ : ઉવારસદ
(૫) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી
(૬) ઈશિતા હરેન્દ્રસિંહ જાદવ : સે-૩૦, સૂર્યવંદના ફ્લેટ,
(૭) પટેલ આકાશ જી : સે-૨૩
(૮) વિજય એમ. સોલંકી : સે-૨૨

● પૂછું એક સવાલ...?

(૧) વિસ્યમ એન. પ્રજાપતિ : સે-૨૯થી
પ્રશ્ન - ગુજરાતના જામનગરમાં આવેલ રિફાઇનરીની સુરક્ષા કોણ કહે છે?
જવાબ - સીઆઇએસએફ

(૨) ધાર્મિક શૈલેષભાઇ પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - સુરતથી વસતી - ગીચતના કેટલી છે?
જવાબ - ૧ ચો કિ.મી. માં ૧૩૭૬ વ્યક્તિ

(૩) પટેલ ધવલ એચ - સે-૩ એ ન્યૂથી

(અનુસંધાન પાના નં. ૬ પર)

૧૯ માર્ચ ૧૯૮૭નો એક દિવસ હાદસો કે શહર મેં એક ઓર હાદસા

૧૮, માર્ચ, ૧૯૮૭

ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં 'ક્લાસિફાઇડ 'પેજ પર એક ટચૂકડી જા X ખ છપાઇ

Wanted 50 Dynamic Graduates For Intelligence Officers Post and Security Officers post Come Personaly For Interview with Bio-data, Certificates, Passport size Photo ON 19.03.87 At Taj International Hotel Enqairy Counter Between 10 : 00 AM to 5 PM

◆◆◆

માર્ચ, ૧૯, ૧૯૮૭

મુંબઇ પોલીસ હેડ ક્વાર્ટરનો ફોન ભર બપોરે રણકી ઊઠ્યો અને સામે છેડેથી જે માહિતી અરવિંદ ઇનામદાર નામનાં પોલીસ અધિકારીએ સાંભળી તેણે ચોક્કસ મુંબઇમાં કંઇક અજુગતું થયું હોવાનો અણસાર આપી દીધો. હાદકો કે શહર મેં એક ઓર હાદસા. વાત એમ બની કે સમાચાર ઝવેરી અને ઝવેરાતની ચમકમાં ચળકતા મુંબઇના ઓપેરા હાઉસ વિસ્તારની એક અત્યંત પ્રતિષ્ઠિત ગણાતી એક દુકાન પર સી.બી.આઇ.એ કરેલી રેઇડ અંગેના હતા. જે નામ સાંભળીને ઇનામદાર ચોંક્યા તે નામ હતું ત્રિભોવનદાસ ભીમજી ઝવેરી, જેને આપણે TBZ નાં ટૂકાં નામે ઓળખીએ છીએ. અને અહીંથી જ મામલો ગૂંચવાયો.

◆◆◆

ફરી પાછી ૧૮ માર્ચ ૧૮૯૭.

ઘટનામાં એક દિવસ અગાઉ ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં છપાયેલી જાહેરાતને એક બ્રિલિયન્ટ ઓપોર્ચ્યુનિટી માનીને કેટલાંય ઉમેદવારો પોતાનું નશીબ અજમાવવા માટે તાજ ઇન્ટરકોન્ટિનેન્ટલમાં નિયત સમતે પહોંચી ગયા, આમાંના કેટલાંક તો પહેલેથી જ કેટલીક સરકારી સેવાઓ કાર્યરત હતા. પોતાને સીબીઆઇના અધિકારી ગણાવતાં મોહનસિંહ નામક વ્યક્તિએ આવેલા તમામ ઉમેદવારોનાં ઇન્ટરવ્યૂ લીધા અને દરમિયાન સારો એવો 'સરકારી' માહોલ જાળવી રાખ્યો. રદ્દ ઉમેદવારીની અંતિમ પસંદગી થઇ અને ખુશખુશાલ થયેલા આ તમામ "ભાગ્યશાળી" ઉમેદવારોને બીજા દિવસે સવારે ૧૧ વાગ્યે હોટેલ તાજ ખાતે "રિપોર્ટ" કરવાનું જણાવવામાં આવ્યું. ઇન્ટેલિજન્સ અને સિક્યોરિટી "ઓફિસર" તરીકે સિલેક્ટ થયેલા તમામ રદ્દ ઉમેદવારો ઉજ્જવળ ભવિષ્યમાં સપનાઓ લઇને ઘરે ગયા અને આમ મુંબઇમાં ૧૮ માર્ચ ૧૯૮૭નો એક દિવસ પેલા રદ્દ લોકો અને સીબીઆઇ ઓફિસર તરીકે ઓળખાવતા મોહનસિંઘ માટે પૂરો થાય છે.

કોફી હાઉસ
- ઉત્સવ પરમાર

◆◆◆

ફરીથી - ૧૯ માર્ચ, ૧૯૮૭.

સવારનાં ૧૧ વાગ્યે,

મોહનસિંઘે તાજ ખાતે તમામ રદ્દને આવકાર્યા અને સીબીઆઇમાં જોડાવાનાં અભિનંદન આપીને બધાને, "આઇડેન્ટીટી કાર્ડ" પણ આપ્યાં. ક્લાક પછી હોટેલ તાજ પાસે એક લક્ઝરી બસ આવીને ઊભી રહી. આ બસની વ્યવસ્થા મોહનસિંઘે તાજ હોટલ દ્વારા જ કરાવી હતી. સિંઘે ટીમને કહ્યું કે આજે આપણે એક "ટ્રાયલ રેઇડ" કરવાની છે અને ટીમ સાથે જ મોહનસિંઘ પણ બસમાં ગોઠવાઇ ગયો.

થોડી જ વારમાં બસ મુંબઇનાં આલિશાન ઓપેરા હાઉસ કહેવાતાં વિસ્તાર તરફ વળી અને ત્રિભોવનદાસ ભીમજી ઝવેરીની દુકાન આગળ ઊભી રહી ગઇ. નોકરીનાં "પહેલાં જ દિવસે" રેઇડ પાડવાનો ઓફિસર્સમાં અનેરો ઉત્સાહ હતો. રદ્દ જણાંની સીબીઆઇ ટીમ મોહનસિંઘ એક અધિકારીનાં અંદાજમાં જ દુકાનમાં ઘુસ્યો. તરંત જ તેમણે દુકાનનાં શટર પાડી દીધાં અને ઉપસ્થિત ગ્રાહકો અને દુકાનનાં સ્ટાફને પ્રક્રિયા ચાલે ત્યાં સુધી રાહ જોવા કહ્યું અને તરત જ તમામ રજિસ્ટર રાહ હાથમાં લઇ લીધાં. ઝૈં-ની ઓફિશ્યિલ રેઇડ હોય એમ ઝવેરાતોને સરકારી મહોર વાળી સ્લિપ ધરાવતી કેટલીક પોલિબેગ્સમાં ભર્યાં. અંદાજે ત્રીસ લાખ રૂપિયાનાં ઝવેરાત આજ રીતે "સીલ" કર્યાં.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧લી માર્ચ

● લગભગ રદ્દ સંસ્કૃતિનો ઉદ્‌ભવ, ઉદય-ઉત્થાન અને પતન વિષે સળંગ સૂત્રનું વિસ્તૃત આલેખન કરનારા ઇતિહાસકાર આર્નોલ્ડ ટ્રોયન્બીની જન્મજયંતિ ૧-૩-૧૮૮૯. તત્ત્વજ્ઞાની પ્રાધ્યાપક ૮૬ વર્ષે અવસાન પામ્યા.

● સૈન્ય ટપાલ વ્યવસ્થા માટે લશ્કરી સેવામાં જોડાયેલાઓનાં કુટુંબોની જનતાની જાણકાર માટે તા.૧લી માર્ચ - આર્મી પોસ્ટલ ડે તરીકે ઉજવાય છે.

● ૧૭૦૨ - જગતનું પ્રથમ અંગ્રેજી અખબાર 'ડેઇલી ક્રુરાન્ટ' શરૂ થયું.



● ૧૯૯૫ - જોર્જ કોલહર - નોબેલ પારિતોષિક વિજેતાનું અવસાન.

● ૧૯૯૪ - હિન્દી ફિલ્મ નિર્માતા મનમોહન દેસાઇનું અવસાન.